| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૪/૦૭/૨૦૨૦ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૬૮/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૫૭૩ | ૧૪૨ | ૯૭૧૪ | ૧૫૬૩૦ | ૧૪૧ | ૧૫૭૭૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૮૪ | ૦ | ૪૨૮૪ | ૫૮૦૦ | ૦ | ૫૮૦૦ |
| ૫૪૮૦૦ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૧૬૦૦ | ૭૯ | ૧૧૬૭૯ | ૧૨૧૮૯ | ૫૨ | ૧૨૨૪૧ |
| કુલ | | ૨૫૫૦૦ | ૨૨૦ | ૨૫૭૨૦ | ૩૩૮૨૨ | ૧૯૩ | ૩૪૦૧૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૯ | ૮,૨૭,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૩૬૭ | ૮,૭૩,૪૦૦/- |

# ગુમ થયેલ બાળક મળી આવવા બાબત

## મણીનગર પોલીસ સ્ટેશનઃ-

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે" ડીવીજન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ એસ.એમ.પટેલ પોલીસ ઇન્સ્પેક્ટર મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમીયાન મણીનગર વન ગાડીને કંટ્રોલના કલાક ૧૧/૨૪ વાગ્યે મેસેજ મળેલ કે "સોનસીંગ ગીલ જણાવે છે કે ગુડલોક હોલ સામે ઇન્ડિયન બેન્ક પાસે એક દસ વર્ષનો છોકરો બીનવારસી મળેલ છે" વિગેર મેસેજ આધારે સદરહુ જગ્યાએ જઇ તપાસ કરતા સદરહુ છોકરાનુ નામ સાહીલ હોવાનુ જણાયેલ અને સદરીના માતા-પિતાની શોધખોળ થવા સારુ સર્વેલન્સ સ્કોડના સ્ટાફ મારફતે તપાસ કરી કરાવતા તપાસ દરમીયાન સોહીલના પિતા નામે રણજીતભાઇ વિરસંગભાઇ ઠાકોર રહે પુનીત નગર રેલ્વે ક્રોસીંગ પાસે જી.આઇ.ડી.સી. વટવા નાઓની ભાળ મળી આવતા જેઓની તેઓના દિકરા સાહીલ બાબતે પૂછપરછ કરતા જણાવેલ કે તેઓનો દિકરો સાહીલ સોસાયટીમા રમતો હતો તે દરમીયાન રમતા રમતા બોલાચાલી થતા તેની માતાએ ઠપકો આપતા ઘરેથી નિકળી ગયેલ છે અને અમો તેને આજુબાજુમા તેમજ અમારા સગા સંબધીઓમા શોધખોળ કરતા મળી આવેલ ન હોવાની હકીકત જણાવેલ જેથી સ્ટાફના કર્મચારીએ આ રણજીતભાઇ ને તેઓના દિકરાનો ફોટો બતાવતા તેમનો દિકરો સાહીલ હોવાનુ જણાવેલ હોય. આમ ગુમ થયેલ મળી આવેલ બાળકને મણીનગર પોલીસ સ્ટેશનના અધીકારી કર્મચારી મારફતે તપાસ કરી કરાવતા સદરહુ છોકરાના માતા પિતાને શોધી કાઢી તેના માતા-પિતાને સહી સલામત રીતે સોંપી મણીનગર પોલીસ સ્ટેશન તરફથી સારી કામગીરી કરવામા આવેલ છે. તા.૧૩/૦૭/૨૦૨૦



# ઘરફોડ ચોરીના આરોપીની અટકાયતની વિગત

## ક્રાઈમ બ્રાન્ચ

## સ્માર્ટવોચના મોટી માત્રાના જથ્થા સાથે એક ઇસમને પકડી લઇ ઘરફોડ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં ઘરફોડ ચોરીના ગુન્હાઓ શોધી કાઢવા સારુ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તથા શ્રી અજયકુમાર તોમર સાહેબ, ખાસ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમ બ્રાન્ચ નાઓની સુચના આધારે, શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓના માર્ગદર્શન હેઠળ અત્રેની શાખાના પો.ઈન્સ.શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઈ.શ્રી એ.પી.જેબલીયા તથા પો.સ.ઈ.શ્રી એસ.પી.ગોહિલ તથા સ્ટાફના માણસો દ્વારા અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુન્હાઓમાં ગયેલ ચોર મુદ્દામાલ શોધી કાઢવા સારુ આયોજન હાથ ધરવામાં આવેલ આ દરમ્યાન તા.૧૦/૦૭/૨૦૨૦ ના રોજ મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે રીલીફ રોડ વીજળી ઘર સામેથી આરોપી નિખીલ ઉર્ફે ચકો સ.ઓ. ગણપતભાઇ વૈષ્ણવ (મારવાડી) ઉવ.૨૪ રહે : ૧૪, ઉત્સવ એપાર્ટમેન્ટ, સ્વામિનારાયણ મંદિર પાસે, બાપા સિતારામ ચોક નિકોલ અમદાવાદ શહેર નાને તેના કબજાની aluminum & ceramic case વાળી series -4 લખેલ સ્માર્ટવોચ નંગ-૪૩ કુલ્લે કિ.રૂ. ૪૩,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ.

પકડાયેલ ઇસમની પુછપરછ દરમ્યાન પોતે છેલ્લા દસ વર્ષથી મુર્તીમંથ કોમ્પ્લેક્ષમાં આવેલ રાજ કવર હાઉસ નામની દુકાનમાં નોકરી કરતા હોય તેના ગોડાઉનમાંથી ૧૦૦ સ્માર્ટવોચ ભરેલ બોક્ષની પોતે લોકડાઉન પહેલા ચોરી કરેલ હોવાનુ અને તેમાંથી બાકીની સ્માર્ટવોચ તેણે બજારમાં વેચેલ હોવાનુ જણાવતા જે બાબતે તપાસ કરતા આ ચોરી બાબતે કાલુપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુર.નં. એ-૧૧૧૯૧૦૨૬૨૦૦૨૯૫/૨૦૨૦ ઈ.પી.કો.કલમ ૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ હોય આરોપી તથા મુદ્દામાલ કાલુપુર પો.સ્ટે. ખાતે મોકલી આપવામાં આવેલ છે.



**ખાડીયા પોલીસ સ્ટેશન :-**

## ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢતો ખાડીયા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મહે.પોલીસ કમિશ્નર સાહેબ અ.વાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ઇ" ડીવીઝન તથા પોલીસ ઇન્સપેકટરશ્રી પી.ડી.સોલંકી સાહેબ ખાડીયા પોલીસ સ્ટેશન નાઓની સુચના મુજબ મિલકત સબંધી ગુના બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારૂ તા.૧૨/૦૭/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. પી.કે.ગોસ્વામી તથા અનાર્મ હેડ કોન્સ. ભાગ્યદિપ મહેશકુમાર બ.નં.૮૫૨૨ તથા અનાર્મ પો.કોન્સ. મુકેશભાઇ મંગાભાઇ બ.નં. ૯૨૨૭ તથા અનાર્મ પો.કોન્સ. રવીભાઇ જગદિશભાઇ બ.નં. ૩૨૩૮ તથા અનાર્મ પો.કોન્સ. મુકેશભાઇ કાનજીભાઇ બ.નં. ૧૩૩૫ તથા અ.પો.કો. કુન્દનકુમાર ભરતભાઇ બ.નં. ૯૩૯૭ તથા અ.લો.ર. સુભાષભાઇ શનાભાઇ બ.નં. ૫૬૭ તથા અ.લો.ર. વિકાસ હસમુખભાઇ બ.નં. ૧૨૮૯૨ એ રીતેના સર્વેલન્સ સ્કોડના પોલીસ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અનાર્મ હેડ કોન્સ. ભાગ્યદિપ મહેશકુમાર તથા અનાર્મ પો.કોન્સ. મુકેશભાઇ કાનજીભાઇ તથા અ.લો.ર. સુભાષભાઇ છનાભાઇ નાઓએ અમોની સયુક્ત બાતમી હકીકત આધારે આરોપી પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**આરોપી :** અભીજીત ઉર્ફે અભી સ/ઓ વિજયભાઇ શાહ રહે. સિધ્ધિની પોળ કોટની રાંગ રાયપુર

**ગુનાની કબુલાત :** સદરી આરોપીએ ખાડીયા પોલીસ સ્ટેશન ગુ.ર. નં. ૧૧૧૯૧૦૦૫૨૦૦૨૩૬ ધી ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાના કામે ચોરી કરેલ મુદ્દામાલ સાથે મળી આવી ગુનાની કબુલાત આપેલ છે.

**ગુનાહીત ઇતીહાસ :** આ કામનો આરોપી અગાઉ ખાડીયા પોલીસ સ્ટેશનમાં એ.ટી.એમ. તોડવાના ગુનામાં તથા કાલુપુર પોલીસ સ્ટેશનમાં મારા મારીના ગુનામાં પકડાયેલ છે.

**આ કામગીરી કરનાર અધીકારી તથા કર્મચારીઓ :** પો.સબ.ઇન્સ. પી.કે.ગોસ્વામી તથા અનાર્મ હેડ કોન્સ. ભાગ્યદિપ મહેશકુમાર બ.નં.૮૫૨૨ તથા અનાર્મ પો.કોન્સ. મુકેશભાઇ મંગાભાઇ બ.નં. ૯૨૨૭ તથા અનાર્મ પો.કોન્સ. રવીભાઇ જગદિશભાઇ બ.નં. ૩૨૩૮ તથા અનાર્મ પો.કોન્સ. મુકેશભાઇ કાનજીભાઇ બ.નં. ૧૩૩૫ તથા અ.પો.કો. કુન્દનકુમાર ભરતભાઇ બ.નં. ૯૩૯૭ તથા અ.લો.ર. સુભાષભાઇ શનાભાઇ બ.નં.૫૬૭ તથા અ.લો.ર. વિકાસ હસમુખભાઇ બ.નં.૧૨૮૯૨

.



# <u>વોન્ટેડ આરોપીની અટકાયતની વિગત</u>

## <u>સાબરમતી પોલીસ સ્ટેશન:-</u>

## <u>સત્તર વર્ષ અગાઉના ગુનામાં વોન્ટેડ બે આરોપીઓને કર્ણાટક રાજય ખાતેથી ઝડપી લેતી સાબરમતી પોલીસ</u>

અમદાવાદ શહેરમાં ગંભીર પ્રકારના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સારુ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ, સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧ નાઓની સુચના આધારે શ્રી ધર્મેદ્ર શર્મા સાહેબ, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૨ તથા શ્રી ડી.એસ.પટેલ સાહેબ, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, "એલ" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. શ્રી આર.એચ.વાળા તથા પો.સ.ઈ. શ્રીમતી બી.પી.ભેટારીયા તથા સ્ટાફના માણસો દ્વારા સાબરમતી પો.સ્ટે.ના ગુનાઓમાં વોન્ટેડ આરોપીઓ શોધી કાઢવા ખાસ આયોજન હાથ ધરેલ અને ખાનગી બાતમીદારોનો સંપર્ક કરી આવા ગુન્હાઓમાં સંડોવાયેલ ઇસમો બાબતે તપાસ હાથ ધરવામાં આવેલ અને આવા આરોપીઓ પકડવાની કામગીરીને ખાસ અગ્રિમતા આપવા માટે શ્રી ધર્મેદ્ર શર્મા સાહેબ, નાયબ પોલીસ કમિશ્નર, ઝોન-૨, અમદાવાદ શહેર નાઓએ વિશેષ સુચના કરેલ હોય, આ દરમ્યાન સર્વેલન્સ સ્ટાફના પો.કો. હિતેષકુમાર મોહનભાઇ બ.નં.૫૯૫૯, પો.કો. કમલેશકુમાર સોમાભાઇ બ.નં.૫૭૧૧ તથા લોકરક્ષક કમલેશભાઇ સાગરભાઇ બ.નં.૮૦૫૫ નાઓને સંયુકત રીતે મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે ટેકનિકલ સોર્સ મદદથી તપાસ હાથ ધરતા સાબરમતી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૫૨૦/૨૦૦૩ ઇ.પી.કો. કલમ-૪૦૬, ૪૧૮, ૧૨૦(બી), ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તથા બેંન્કીંગ રેગ્યુલેશન એકટ ક.૪૬ તથા સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૦૩૨/૨૦૧૩ અને ૩૦૩૩/૨૦૧૩ ઇ.પી.કો. ક.૧૭૪(ક) મુજબના ગુનામાં વોન્ટેડ આરોપી નં. (૧) રાજેન્દ્રકુમાર ભવરલાલ સોની ઉ.વ.૪૭ તથા આરોપી નં. (૨) કમલેશકુમાર ભવરલાલ સોની ઉ.વ.૪૫ નાઓ કર્ણાટક રાજયના ચીત્રાદુર્ગ જીલ્લામાં હોવાની ખાતરી થતા સાબરમતી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ પો.સ.ઇ. તથા સ્ટાફની ટીમ કર્ણાટક રાજયના ચીત્રાદુર્ગ જીલ્લામાં મોકલવામાં આવેલ અને આ ટીમ દ્વારા આરોપીઓના રહેણાંક સ્થળે તેમજ ધંધાના સ્થળે વોચ રાખી ઉપરોકત બન્ને આરોપીઓને ઝડપી લીધેલ અને વધુ તપાસ માટે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે લાવી કોવીડ-૧૯ નો ટેસ્ટ કરાવી તે નેગેટિવ આવતા ઉપરોકત ગુનાના કામે બંને આરોપીઓને અટક કરવામાં આવેલ છે અને આગળની વધુ તપાસ સાબરમતી પો.ઇન્સ. શ્રી ચલાવી રહેલ છે.

આમ છેલ્લા સત્તર વર્ષથી નાસતા-ફરતા બે આરોપીઓને અટક કરવામા અમદાવાદ શહેર પોલીસને સફળતા મળેલ છે.

## આરોપીઓના નામ:

(૧) રાજેન્દ્રકુમાર ભવરલાલ સોની ઉ.વ.૪૭ ધંધો.વેપાર રહે.૨૦૮, નાગેશ્વર એપાર્ટમેંટ, ચિપપેટ ફોર્ટ રોડ, તા.જી. ચિત્રદુર્ગા કર્ણાટક મુળ વતન ગામ અરઠવાડા તા.જી. શિરોહી, રાજસ્થાન

(૨) કમલેશકુમાર ભવરલાલ સોની ઉ.વ.૪૫ રહે.306, આર.એમ.સેટી એપાર્ટમેન્ટ, અથની  કોલેજ પાસે એસ.એસ.લે આઉટ, એ-બ્લોક, દાવનગીરી તા.જી. દાવનગીરી, કર્ણાટક મુળ વતન ગામ અરઠવાડા તા.જી.શીરોહી, રાજસ્થાન

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

(૧) પો.ઇન્સ. શ્રી આર.એચ.વાળા (૨) પો.સ.ઇ. શ્રીમતી બી.પી.ભેટારીયા (૩) હે.કો. ઉપેંદ્રસિંહ વિજયસિંહ બ.નં.૬૦૫૪ (૪) પો.કો. કમલેશકુમાર સોમાભાઇ બ.ન.૫૭૧૧ (૫) પો.કો. હિતેષકુમાર મોહનભાઇ બ.નં.૫૯૫૯ (૬) લોકરક્ષક ધર્મેન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૧૦૭૦

(૭) લોકરક્ષક કમલેશભાઇ સાગરભાઇ બ.ન.૮૦૫૫



# પેરોલ જમ્પ આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ

## પાસા પેરોલ જમ્પ આરોપીને પકડી લઇ પાસા હેઠળ સજા ભોગવવા મોકલી આપતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી નાસતા ફરતા/પેરોલ જમ્પ આરોપી ઓને પકડી લેવા અંગે મળેલ સુચના અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા અ.હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં-૭૭૯૦ તથા અ.હેડ.કોન્સ.વિજયસિહ રજુજી બ.નં.૯૦૩૬ તથા પો.કો.ગોપાલ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો.એઝાજહુસેન સાબીરભાઇ બ.નં.૬૪૮ વિગરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના અ.હેડ.કોન્સ.વિજયસિહ રજુજી તથા પો.કો.ગોપાલ દેવાભાઇનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે છેલ્લા બે મહિનાથી પાસા પેરોલ જમ્પ આરોપી સમીર ઉર્ફે ગામડીયો સ/ઓ હુસેનશા દિવાન (ફકી) ઉ.વ.૩૨ રહે : શાહઆલમ દરગાહની સામે અનાદિપુરા ભીલવાસ સનમુ કિરાણા સ્ટોર્સ પાસે શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને પકડી લઇ સદરીને જેલમાં મોકલતા પહેલા કોરોના ટેસ્ટ કરાવવો જરુરી હોય જેથી સદરી આરોપીનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવેલ હોય જેથી સદરીનો કોરોના નેગેટીવ રિપોર્ટ આવેથી પાસા હેઠળ સજા ભોગવવા સારુ ભુજ પાલારા જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

પુછપરછ કરતા સદર જુગારનો સટ્ટો દાણીલીમડા પીરકમાલ ખાતે રહેતા શાહરુખ રંગરેજ તથા સહીદ ઉર્ફે મુન્ના રંગરેજ નામના માણસ પાસે લખાવતા હોવાનું જણાવતા સદરી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો કવોલોટી શોધી કાઢેલ છે.

## નિકોલ પોલીસ સ્ટેશન :-

## અગાઉ ક્રાઈમ બ્રાન્ચ ખાતે N.D.P.S.ના ગુન્હામાં પકડાયેલ અને પેરોલ ફર્લો જમ્પ થયેલ રીઢા પાકા કામના કેદી રમેશભાઈ ગૌસ્વામીને ઝડપી પાડતી નિકોલ પોલીસ

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાનાઓની સુચના આધારે મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબનાઓએ પેરોલ/ફર્લો જમ્પ થયેલ કેદીઓને ઝડપી પાડવા સારૂ ડ્રાઈવ રાખેલ હોય, જે ડ્રાઈવ અનુસંધાને મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી “આઈ” ડીવીજન અમદાવાદ શહેરનાઓએ પેરોલ/ફર્લો થયેલ ઈસમોની હકિકત મેળવવા સારૂ સુચના કરેલ હોય, જે સુચના આધારે પોલીસ ઈન્સ્પેકટર શ્રી વી.ડી.ઝાલા સાહેબ નાઓના સિધા માર્ગદર્શન હેઠળ પેરો/ફર્લો થયેલ ઈસમોને શોધી કાઢવા સારૂ જનરલ સ્કોર્ડના ASI. શ્રી આર.જે.ચૌહાણનાઓ સ્ટાફના હેડ.કોન્સ.દિપનારાયણ રાજનારયાણ, લોકરક્ષક.કુલદીપસિંહ ગણપતસિંહ, લોકરક્ષક.પ્રકાશકુમાર જેઠાભાઈ,લોકરક્ષક દાજીરાજસિંહ નાગજીભાઈનાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન જેલ અધિક્ષક તરફથી યાદી માં જણાવ્યા મુજબ “સબરમતી મધ્યસ્થ જેલ પાકા કેદી નંબર:- S/૧૪૧૪૮ રમેશભાઈ S/o તુલશીભાઈ ગોસ્વામી રહે:-મકાન નંબર- એ/૭૨, તેજેન્દ્રપ્રકાશ સોસાયટી વિભાગ-૨, ખોડિયારનગર રોડ, નિકોલ, અમદાવાદ શહેરનાને ગઈ તા.૦૪/૦૬/૨૦૨૦ ના રોજ પેરોલ/ફર્લો રજા ઉપર થી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતુ પરંતુ પેરોલ/ફર્લો જમ્પ થતા તેના વિરૂધ્ધ પ્રિજનલ એકટ કલમ:૫૧(એ), ૫૧ (બી) હેઠળ કર્યવાહી કરવા સુચના કરેલ.” જે પાકા કામના કેદી નં. S/૧૪૧૪૮ રમેશભાઈ S/o તુલશીભાઈ ગોસ્વામી બાબતે લોકરક્ષક.પ્રકાશકુમાર જેઠાભાઈ તથા લોકરક્ષક દાજીરાજસિંહ નાગજીભાઈ નાઓને મળેલ બાતમી હકિકત આધારે પાકા કેદી નંબર:-S/૧૪૧૪૮ રમેશભાઈ ગોસ્વામીનાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ તપાસ હાથ ધરી પ્રશનનીય કામગીરી કરેલ છે.



## વાહન ચોરીના આરોપીની અટકાયતની વિગત

### સરખેજ પોલીસ સ્ટેશન

## મોટર સાયકલ રોયલ એન્ફિલ્ડ  કલાસીક ૩૫૦ બુલેટ ચોરીના આરોપીને મુદામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સ.ઇન્સ.સી.એન.પરમાર તથા અનાર્મ હેડ કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અનાર્મ પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ બ.નં.૫૨૦૬ તથા અનાર્મ લોકરક્ષક રાજેશભાઇ મોહનભાઇ બ.નં.૧૪૪૭ તથા અનાર્મ લોકરક્ષક દિલીપભાઇ ભાનુભાઇ બ.નં.૦૯૩૨ નાઓની ટીમ બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં સાથેના અનાર્મ પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ બ.નં.૫૨૦૬ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ ઉજાલા નજીક બાવળા રોડ સનરાઇઝ હોટલ પાસે આવેલ જયેશ બોડી મોટર્સ ખાતેથી  બુલેટ નં-GJ-01-MW-9067 ની સાથે આરોપી જયેશ સન/ઓ નિત્યાનંદ વસંતલાલ શર્મા ઉ.વ.૩૭ રહે.એફ/૩૪ પાર્વતીનંદન એપાર્ટમેન્ટ,ઉજાલા સર્કલ પાસે, ઉજાલા, સરખેજ, અમદાવાદ શહેર મુળ વતન ખુડાલા ગામ પુરોહિત વાસ તા-બાલી જિ-પાલી હરીયાણાનાને સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં.૭૧/૨૦૨૦ પાર્ટ-એ નં.૧૧૧૯૧૦૪૮૨૦૧૨૬૦/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબના કામે ગયેલ મુદામાલ સાથે તા.૧૪/૦૭/૨૦૨૦ ના કલાક ૧૪/૧૦ વાગે પકડી અટક કરી ઉપરોક્ત અન ડીટેકટ ગુન્હો ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

### કબ્જે કરેલ મુદ્દામાલ-

(૧) ગુનાના કામે ગયેલ એક બુલેટ નં-GJ-01-MW-9067 ની કિ.રૂ.૧,૦૦,૦૦૦/- ની મતાનુ

## પકડાયેલ આરોપી:-

જયેશ સન/ઓ નિત્યાનંદ વસંતલાલ શર્મા ઉ.વ.૩૭ રહે.એફ/૩૪ વંતીનંદન એપાર્ટમેન્ટ,ઉજાલા સર્કલ પાસે, ઉજાલા, સરખેજ, અમદાવાદ શહેર મુળ વતન  ખુડાલા ગામ પુરોહિત વાસ તા-બાલી જિ-પાલી હરીયાણા



# જુગારના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન :-

## તા.૧૩/૦૭/૨૦૨૦ નારોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન કુલ્લે રૂ.૪૩,૨૦૦/- ના મુદ્દામાલ સાથે જુગાર રમતા નવ ઇસમોને પકડી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી નાઓની સુચના આધારે પો.સબ.ઇન્સ શ્રી કે.બી. રાઠોડ તથા પો.સ.ઇન્સ.એ. એન. ભટ્ટ તથા સાથેના માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત આધારે નરોડાગામ જૈન દેરાસર પાસે વાણિયા વાસમાં અરવિંદસિંહ બિહોલા ના મકાનમાં ધાબા ઉપર ખુલ્લામાં અમુક ઇસમો ગંજીપત્તાના પાના વડે પૈસાથી તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રમાડે છે સદરી જગ્યાએ રેડ કરતાં નં.(૧) અરવિંદસિંહ જશવંત સિંહ જાતે. બિહોલા ઉ.વ.૫૦ ધંધો-ખેતી રહે- મ.નં.૧૮ રહે. વાણીયા વાસ જૈન દેરાસર પાસે નરોડાગામ નરોડા અમદાવાદ + ૮ = ૯ ઇસમો પાસેથી અંગ જડતી ના તથા દાવાના નાણા રૂ.૧૮,૪૦૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૧૧ કિ.રૂ ૨૪,૮૦૦/- ગંજી પાના નંગ- ૧૦૪ કી.રૂ.૦૦/- તથા કુલ્લે મુદામાલ કી.રૂ.૪૩,૨૦૦/- નો મુદ્દામાલ કબજે કરી જુગાર ધારા કલમ ૧૨ મુજબ કલાક ૧૯/૩૦ વાગે અટક કરી કાદેસર ની કાર્યવાહી કરવામાં આવેલ છે. તા-૧૩/૦૭/૨૦૨૦

**આરોપીનુ નામ -** (૧) અરવિંદસિંહ જશવંત સિંહ જાતે. બિહોલા ઉ.વ.૫૦ ધંધો-ખેતી રહે- મ.નં.૧૮ રહે. વાણીયા વાસ જૈન દેરાસર પાસે નરોડાગામ નરોડા અમદાવાદ (૨) મહેન્દ્રકુમાર બંસીલાલ જાતે.જૈન રહે. સહજાનદ પાર્ક મનોહર વિલા કૃષ્ણનગર અમદાવાદ તથા (૩) વિષ્ણુભાઈ રમેશભાઇ જાતે. સોની રહે. આબલી , બોપલ અમદાવાદ તથા (૪) રવિરજસિંહ વિક્રમસિંહ જાતે.સોલંકી રહે. શ્યામલ પાર્ક સોસા. કૃષ્ણનગર અમદાવાદ તથા (૫)મનોજભાઈ વેનુમલ જાતે તેકચંદાની રહે. નોબલ નગર સરદારનગર અમદાવાદ શહેર તથા (૬) દસરથ મફજી જાતે.ઠાકોર રહે. દરબાર વાસ જૈન દેરાસર પાસે નરોડા ગામ અમદાવાદ શહેર તથા (૭) અમિત જયંતીલાલ જાતે. ખત્રી રહે. રામનગર આર. ટી.ઓ પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર (૮) લક્ષ્મણસિંહ અશોકસિંહ જાતે.વાઘેલા રહે- શિવશક્તિ નગર શ્યામલ પાર્ક પાસે કુષ્ણનગર અમદાવાદ (૯) દેવનારાયણ રામચરણ જાતે. પ્રજાપતિ રહે- શ્રીજી પાર્ક સોસાયટી કૃષ્ણનગર અમદાવાદ.

**મુદ્દામાલ –** રોકડ નાણા રૂ.૧૮,૪૦૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૧૧ કિ.રૂ ૨૪,૮૦૦/- તથા ગંજી પાના નંગ- ૧૦૪ કી.રૂ.૦૦/- તથા કુલ્લે મુદામાલ કી.રૂ.૪૩,૨૦૦/-

**કામગીરી કરનાર અધિકારી / કર્મચારી** પો.સબ.ઇન્સ શ્રી કે.બી. રાઠોડ તથા પો. સબ.ઇન્સ. એ. એન. ભટ્ટ તથા લો.ર. અનિલકુમાર કલસિંગ બ.નં. ૧૧૩૯૯ તથા કેવલકુમાર લખાભાઇ બ.નં.૨૭૭ તથા વુ.લો.ર. અંકિતાબેન પ્રકાશભાઈ બ.ન.૧૫૮૩

# પાસાના આરોપીની અટકાયતની વિગત

## મણીનગર પોલીસ સ્ટેશન :-

## મિલ્કત સબંધિત ગુનામાં પાસા હેઠળ અટકાયત કરી સુરત જેલ મોકલતી મણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા.તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “જે” ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ. એસ.એમ.પટેલ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં તથા અત્રેના પોલીસ સ્ટેશનમા દાખલ થયેલ મિલ્કત સબંધી ગુનાઓ જેમાં (૧)મણીનગર પો.સ્ટે ગુ.ર.ન-૦૦૫૩/૨૦ (૨) સેટેલાઇટ પો.સ્ટે ગુ.ર.ન.૦૦૫૦/૨૦ (૩) પાલડી પો.સ્ટે ગુ.ર.ન.૦૦૨૬/૨૦ (૪) પાલડી પો.સ્ટે ગુ.ર.ન.૦૦૩૪/૨૦ (૫) પાલડી પો.સ્ટે ગુ.ર.ન.૦૦૮૬/૨૦ (૬) ઈસનપુર પો.સ્ટે ગુ.ર.ન.૦૦૦૧/૨૦. ઈ.પી.કો કલમ-૩૭૯(એ)(૩),૧૧૪ મુજબના ગુનાઓના કામનો આરોપી સોહીલ ઉર્ફે કુબળા સલીમભાઇ શાહમહમદ શેખ ઉ.વ.૨૦ રહે ૦૩ બીસ્મીલ્લાહ રો હાઉસ અલહેમદો મસ્જીદની ગલીમા બેરેલ માર્કેટની અંદર દાણીલીમડા અમદાવાદ શહેર નાઓની વિરૂધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક:PCB/DTN/PASA/૪૫૩/૨૦૨૦ તા.૧૦/૦૭/૨૦૨૦ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર આરોપીને તારીખ. ૧૧/૦૭/૨૦૨૦ ના કલાક ૧૫/૩૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે અધીક્ષકશ્રી મધસ્થ જેલ સુરત ખાતે મોકલી આપી સારી કામગીરી કરેલ છે.



## ચાંદખેડા પોલીસ સ્ટેશન :-

## વિદેશી દારૂ તથા દેશીદારૂનું વેચાણ કરતાં પકડાયેલ આરોપી બેનની પાસા અટકાયત કરી સુરત (લાજપોર) મધ્યસ્થ જેલમાં મોકલી આપતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નરાશ્રી 'એલ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃતિ સદંતર નેશ નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશનનાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૦૭૭૨/૨૦૨૦ ધી.પ્રોહી.ક . ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ ગુનાના કામના આરોપીબેન રંજનબેન વા/ઓ તરૂણભાઈ ઠાકોર ઉ.વ. ૩૧, રહે. મહાકાળીની ચાલી, વેલજીભાઈનો કુવો, મોટેરા, અમદાવાદ શહેરનાને પોતાના સાગરીતો સાથે મળી પોલીસથી ચોરી છુપીથી ભારતીય બનાવટની વિદેશી દારૂની કાચની બોટલ નંગ ૬૫ કિં. રૂ. ૪૧,૧૦૦/- તથા દેશીદારૂ ૧૪૧ લીટર જેની કિં.રૂ. ૨,૮૨૦/- મળી કુલ્લે કિં. રૂ. ૪૩,૯૨૦/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય જેની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૪૬૪/૨૦૨૦ તા.૧૩/૦૭/૨૦૨૦ થી સદરી આરોપીબેનને સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ હોય સદરી આરોપીબેનને આજરોજ તા.૧૩/૦૭/૨૦૨૦ કલાક ૧૭/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

### કામગીરી કરનાર

(૧) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૨) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭

(૩) લોકરક્ષક વિશાલકુમાર પ્રભાભાઇ બ.નં.૧૧૨૮૩

**શાહીબાગ પોલીસ સ્ટેશન :-**

## શરીર સંબંધી તથા મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી એ.કે.પટેલ નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી તથા મિકલત સંબંધી ગુનો કરતો ઈસમ નરેન્દ્રસિંહ ભુપતસિંહ વાઘેલા ઉ.વ.૩૦ રહે:મ.નં.૪૪ હીરાલાલ પ્રાણલાલની ચાલી માળીનો કુવો મેઘાણીનગર અમદાવાદ શહેરના વિરુદ્ધ શાહીબાગ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૮૩/ ૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૪૨૭,૨૯૪(ખ),તથા,જી.પી.એકટ કલમ. ૧૩૫ (૧) મુજબ તથા શાહીબાગ પો.સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૯ ૧૦૩૧૨૦૦૦૦૪/૨૦૨૦ ઈ.પી.કો. કલમ. ૩૩૨, ૧૮૬, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬ (૨),૧૧૪ મુજબ ના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૬૨/૨૦૨૦ તા.૧૩/૦૭/૨૦૨૦ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૧૩/૦૭/૨૦૨૦ ના કલાક:૨૧/૩૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ,લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે .

**આરોપીનું નામ:** નરેન્દ્રસિંહ ભુપતસિંહ વાઘેલા ઉ.વ.૩૦ રહે:મ.નં.૪૪ હીરાલાલ પ્રાણલાલની ચાલી માળીનો કુવો મેઘાણીનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:**

(૧) પો.સ.ઈન્સ આર. પી. ડાભી તથા સર્વલન્સ ટીમના માણસો

(૨) ASI વિરેન્દ્રસિંહ મકુભા બ.નં.૭૬૯૮ (૩) WLRD નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪

(૪) LRD. પરેશકુમાર અણદાસભાઇ.બ.નં.૧૧૮૫૩



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૫૮૯ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૦,૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૧/૨૦૨૦**

**નરોડાઃ** સનીભાઈ નરેશભાઇ વછેટા (રહે. દેવનંદન સંકલ્પ સીટી ૧૦૮ ઓફીસ સામે નરોડા) એ તા.૧૩/૦૭/૨૦૨૦ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૭/૨૦૨૦ થી પચ્ચીસ દિવસ પહેલા પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૭,૦૦૦/ મળી કુલ રૂપિયા ૮૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૭૨/૨૦૨૦**

**વેજલપુરઃ** શંકરભાઇ ગોકુલભાઇ ઠાકોર (ઉ.વ.૨૮) (રહે. ચામુંડાનગર વેજલપુર ગામ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશકુમાર ભુરાભાઇ ચલાવે છે.

**નિકોલઃ** જયેશભાઇ મયુરભાઇ ગજેરા (ઉ.વ.૩૮) (રહે. સારગ ફલેટ મુકતિધામ એસ્ટેટ સામે જીવનવાડી નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૦ સાજના ૭/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશકુમાર મંગુભાઇ ચલાવે છે.

**રામોલઃ** ચિરાગભાઇ સુભાષચન્દ્ર પંડ્યા (ઉ.વ.૩૫) (રહે. રાધેક્રીષ્ણ હેરીટેજ રિલાયન્સ પેટ્રોલ પંપની ગલીમા વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર મૃત્યુ બાબતે ચિઠ્ઠી લખી તા.૧૩/૦૭/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી